**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧/૧૨/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૮ કેસ કરી ૭૪ વ્યક્તિઓને ઝડપી ૩૨૩ લીટર દેશી દારૂ, ૧૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૨૬ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૪૧૮/૧૫**

**કાગડાપીઠઃ** અવિનાશ સુરેશરાવ પાંડે (રહે.તિરૂપતી કો.ઓ.હા.સોસાયટી પ્લોટ નંબર-૭ સેક્ટર ૨૧ ખારધર નવી મુંબઈ) એ તા.૩૦/૧૧/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૬/૧૫ થી તા.૩/૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આદિત્ય સત્યનારાયણ ઝા (રહે.બિહોરી રેસીડન્સી બી.એસ.એન.એલ ઓફીસની બાજુમાં બોપલ અમદાવાદ) એ નોર્થ ઈસ્ટન કેરીંગ કોર્પોરેશન લીમીટેડ કંપનીના એરીયા મેનેજર તરીકે નોકરી છોડ્યા બાદ પણ કંપનીંના મેનેજર તરીકે અલગ-અલગ ચાર કંપનીના એલ.આર. રૂપિયા ૧,૪૪,૩૬૧/- પૈસાની ઉઠાંતરી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૧૯/૧૫**

**ખોખરા :** નવીનકુમાર ભાઇજીભાઇ ચૌહાણ (રહે.સેફાયર એપાર્ટમેન્ટ, રામાકૃષ્ણ કોલોની, મણીનગર પૂર્વ, ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૧/૧૫ સવારના ૮/૩૦ થી બપોરનાં ૪/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના અને ચાંદીના સિક્કા મળી કુલ રૂપિયા ૧,૫૨,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એમ.ચૌહાણ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** પારસભાઈ જીવાજી માલી (રહે.મોહનલાલની ચાલી ચમનપુરા મેઘાણીનગર) એ તા.૩૦/૧૧/૧૫ નારોજ મેઘાનીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૧૫ કલાક ૮/૦૦ થી તા.૨૯/૧૧/૧૫ રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના તથા સાહેદના મકાનના ધાબા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોપારીના કટ્ટા નંગ-૭ કિમત રૂપિયા ૬૮,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે પી તરેટીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**એક્ટીવા આંતરી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૦/૧૫**

**સરદારનગરઃ** હીનાબહેન રમેશલાલ મુલચંદાણી (ઉ.વ.૨૦)(રહે.શાંતીપ્રકાશ હોસ્પીટલ સરદારનગર) તા.30/૧૧/૧૫ રાતના ૮/30 વાગ્યાના સુમારે હાંસોલ ટી.પી.સ્કીમ રોડ કે.જી.પાર્ક રોડ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ નંબર ૩૨૯૬ ઉપર આવેલ બે પુરૂષએ હીનાબહેનનુ એકટીવા આંતરી એક્ટીવાની ચાવી પડાવી લઈ એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૨,000/-, મોબાઈલ ફોન તેમજ જરૂરી કાગળો ઝુંટવી લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ હીનાબહેન મુલચંદાણીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી એલ જી ખરાડી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૪૨૧/૧૫**

**ગુજરાત યુનિવર્સીટી :** કાંતાબહેન વા/ઓ શાંતાલાલ મીણા (ઉ.વ.૨૩)(રહે.સાગર રબારીનાં મકાનમાં, કૃષ્ણનગર, નારણપુરા) તા.૨૨/૧૧/૧૫ રાતનાં ૧૦/30 વાગ્યાના સુમારે પોતાનાં ઘરે દિવેટીયા પ્રાયમસ ઉપર દુધ ગરમ કરતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં, શરીરે દાઝી જતાં સારવાર અર્થે તેમને ગુજરાત બર્ન્સ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.30/૧૧/૧૫ સવારનાં ૬/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “બી” ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)